**<u>ક્રિ.કે.નં. ક્રિ.કે.નં.૫૩૬૦૩/૨૦૧૬ ના કામે આંક–૧–મુળ ફરીયાદ લગત હુકમ :–</u>**

આજરોજ નામદાર ગુજરાત કાનૂની સેવા સત્તા મંડળ,અમદાવાદ પત્ર ક્રમાક: GSLSA/36/2019 DTD.16.01.2019 AND GSLSA/37/2019 DTD.16.01.2019 ના પત્રમાં આવેલ સુચનાઓ મુજબ તથા નામદાર જીલ્લા ન્યાયાલયના પત્ર ક્રમાંક DLSA NO.968/2019 DTD. 08.07.2019 આદેશો અન્વયે અત્રેની કોર્ટમાં પેન્ડીંગ પેટી કેસીસ,ટ્રાફીક કેસો, તેમજ ડોરમેન્ટ ફાઈલ પર મુકેલ કેસો વિગેરેના યોગ્ય નિકાલ માટે તથા ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૫૮ હેઠળ ડેડવુડ કેસીસના સ્ટોપ પ્રોસેડીંગ્ઝ માટે તથા ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૫૬ તેમજ ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમની કલમ–૩૨૧ અન્વયે ફરીયાદ પક્ષે કેસો પરત ખેચવા તથા પ્લી બારગેઈનીંગથી કેસો નિકાલ કરવા માટે અત્રેની અદાલતની સ્પેશીયલ સીટીંગ રાખવામાં આવેલ છે.

સદર કામનું કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ.

હાલની ફરીયાદ, ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રકેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ આરોપી વિરુધ્ધ દાખલ કરેલ છે અને મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબનાઓએ આરોપી વિરુધ્ધ ગુન્હાનો કોગ્નીઝન્સ લઈ તે મુજબના સંમસ કાઢવાનો આદેશ ના રોજ કરેલ છે.

વધુમા આજ રોજ ફરીયાદી અને તેના વ.શ્રીની વારંવાર પોકાર કરવા છતાં હાજર નથી કે તેઓ તર્ફે કોઈ રીપોર્ટ કે રજુઆત નથી.

વધુમા કેસનું રેકર્ડ ધ્યાને લેતાં ફરીયાદી છેલ્લી કેટલીય મુદતોથી અત્રેની અદાલતમાં હાજર રહેતા નથી કે ઘણી બધી મુદતો ન્યાયના વિશાળ હીતમાં આપવા છતાં ફરીયાદી હાજર રહી કેસની કાર્યવાહી આગળ ચલાવેલ નથી. વધુમા કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, તા.૧૪/૪/૧૮ થી તા. ૧૨/૭/૧૯ સુધીની મુદૃતો દરમ્યાન ફરીયાદી કે ફરીયાદીના વકીલશ્રી હાજર રહેલા નથી કે આરોપી અગાઉ હાજર થયા બાદ ગેર હાજર રહેતા હોવા છતાં તેઓ વિરુધ્ધ બેલેબલ વોરન્ટ રી–ઈસ્યુ કરવાની કોઈ અરજી આપેલ નથી કે, આરોપી વિરુધ્ધ આવા વોરન્ટ કઢાવીને બજવણી કરવાના કોઈ પ્રયત્નો કરેલ નથી. વધુમાં,ફરીયાદી કે તેમના વકીલશ્રીએ છેલ્લી ઘણી મુદૃતોથી અત્રેની અદાલતમાં હાજર રહી કોઈ ન્યાયીક કાર્યવાહી કરેલ નથી.

વધુમા હાલનો કેસ સને–૨૦૧૬ ની સાલનો છે. વધુમા નામ.ડી.કોર્ટ, નામ.ગુજરાત હાઈ કોર્ટ અને નામ.સુપ્રિમ કોર્ટે આવા જુના કેસો ઝડપથી ચલાવવાના આદેશો કરેલા છે તેમ છતાં ફરીયાદી હાજર રહી આવા કેસની કાર્યવાહી આગળ ચલાવેલ નથી.

જે તમામ બાબતો ધ્યાને લેતા, ફરીયાદીને હાલના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં રસ ન હોય તેવુ જણાઈ આવતુ હોય, ન્યાયના વિશાળહીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

ફરીયાદીની હાલની ફરીયાદી તેઓની સતત ગેરહાજરીના કારણે હાલની ફરીયાદ ડીસમીસ ફોર ડીફોલ્ટથી રદૃ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા.૧૩/૦૭/૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૭/૨૦૧૯.
વડોદરા.

(મહેન્દ્રકુમાર બી.પરમાર)
૧૪ મા,એડી.ચીફ જયુડી.મેજી.વડોદરા.
કોડ નં.જી.જે–૦૦૮૭૧

//એમ.કે.ફકીર.//